# <u>પ્રેસનોટ</u>

અમદાવાદ શહેર ખાતે તા.૦૫/૧૨/૨૦૨૨ નારોજ યોજાનાર ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ માં વિવિધ રાજકિય પક્ષોના સ્ટાર પ્રચારકો/ઉમેદવારો/કાર્યકરો/ સમર્થકો દ્વારા ચુંટણી પ્રચાર શાંતિપુર્ણ રીતે પૂર્ણ થયેલ છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા ચુંટણી બંદોબસ્ત અર્થે ૧૦,૦૦૦ પોલીસ કર્મચારી, ૬૦૦૦ હોમગાર્ડ, ૧૧૨ કંપની સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (CAPF) અને રાજ્ય અનામત પોલીસ દળની અન્ય ૧૫ જેટલી કંપનીઓનો ઉપયોગ કરી અમદાવાદ શહેરના તમામ મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે અમદાવાદ શહેર પોલીસ ચુંટણીપંચ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ આધારે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીની જાળવણી સંદર્ભે લાયસન્સવાળા ફાયર આર્મ્સ  જમા લેવા, વિવિધ ગુનાના નાસતા ફરતા આરોપીઓને અટક કરવા તેમજ અન્ય અટકાયતી પગલા લેવા સહિતની કામગીરી ચુસ્તપણે કરવામાં આવી રહેલ છે.

અમદાવાદ શહેરને અન્ય જીલ્લાઓ સાથે જોડતા મહત્વના માર્ગો ઉપર અમદાવાદ શહેર પોલીસ દ્વારા સઘનપણે વાહન ચેકિંગ કરવામાં આવી રહેલ છે. સી.સી.ટી.વી./બોડી વોર્ન કેમેરા તેમજ ડ્રોન જેવા અત્યાધુનિક સંસાધનોનો ઉપયોગ કરી અમદાવાદ શહેર પોલીસ દ્વારા વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ સફળતાપૂર્વક શાંતિપૂર્ણ વાતાવરણમાં પાર પાડવા સારૂ સંપૂર્ણ રીતે સજ્જ છે.

વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ ના દ્રીતીય તબક્કા માટે અમદાવાદ શહેર ખાતે તૈનાત કરવામાં આવેલ ૧૧૨ જેટલી (CAPF) કંપનીના તમામ કમાન્ડીંગ ઓફીસર્સશ્રીઓ સાથે ડી.સી.પી.શ્રી કંટ્રોલરૂમ નાઓ દ્વારા આજરોજ બ્રીફીંગ મીટીંગનું આયોજન કરેલ. જેમાં (CAPF) ની અમદાવાદ શહેરમાં વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ સબંધે તૈનાતી તથા તેઓને ઉપયોગી એવી તમામ માહિતીથી માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ ચુંટણી સમયે તેઓ તમામ સક્રિયપણે પોતાની ફરજ નિભાવી શકે તે સારૂ જરૂરી માર્ગદર્શન અને સુચનો આપવામાં આવેલ હતા.








Gujarat Police
Gujarat Police